મુસતહબ્બાતે નમાઝ.

જેની અંદર

જતહેદે હીંદ જનાબ મૌલાના વગુફતરના સય્યદ મુસતફા
સાહેબના ફતવા મુજબ નમાઝમાં પાળવી મુસતહબ
ચીજો લખવામાં આવી છે.

રાહેનજાતના ગ્રાહકોને ભેટ આપનાર
તથા બીજાઓ માટે વકફ કરનાર.

વરધાવાળા શેઠ જમાલભાઇ હીરજીભાઇ.

બનાવનાર.

હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ.
અધિપતિ રાહેનજાત અને નુરેઇમાન.

માહે રજબ સન ૧૩૧૮ હી૦ પ્રત ૧૦૦૦

જરૂરત હોય તેઓએ અરધા આનો પોસ્ટેજનો મો:
કલીને અહમદઆબાદ રાહેનજાતની ઓફીસમાંથી મંગાવી લેવી,

શ્રી "ઇસ્નાઅશરી પ્રીન્ટીંગ પ્રેસ" અમદાવાદ—પાંચપટી

ઇલતેમાસ.

આરીસાલો અમોએ ઉરદુમાં લખી લખનઊ જનાબે હેદુલ અસ્ર મોલાના વમુકતદાના સય્યદ મુસ્તફા સાહેબની ખીદ મોકલ્યો; તેઓએ બરોબર તપાસી તેનાપર અમલ કરવાની મ લખી મોહર કરી; તે પછી અમોએ તે ઉરદુનો ગુજરાતીમાં તર કરીને છાપ્યો છે; હવે વખતે તેમાં કોઇ જગ્યોએ ભુલચુક જ આવેતો સુધારીને સવાબ હાસીલ કરશો, **અધિપતિ રાહેન**

ચોપાનીઆ અને કીતાબોનું લીસ્ટ.

રાહેનજાત.

૧—એ ચોપાનીયું મુસલમાની દર મહીનાની પહેલી ત રાબર ટાઇમસર પ્રગટ થાય છે, જેની અંદર વીશ પેજમાં રાતી જબાનમાં ઉમદા ઉમદા બાબતો, મોઅજઝા કીસ્સા સવાલ જવાબ વી૦ હોય છે, જેનું આઠમુ વરસ ચાલે છે; કીમત વર્ષ એકની અગાઉથી પોસ્ટેજ સાથે રૂ ૧ાા અને જંગબાર વીગેરેવાળા પાસેથી રૂ ૧ાાા લેવામાં આવે છે.

નુરેઇમાન.

૨—એ ચોપાનયુ બબે મહીનાનું ભેગું દર ઓંજ ઓંજ મહીને બતરીસ પેજમાં, રેગ્યુલર ટાઇમ સાચવીને બાહેર પડે છે. ગુજરાતી હરફ અને ઉરદુ આસાન સહેલી અને શીરીન જબાનમાં, ઇમામ હુસેન અ૦ની મુસીબતોની રીવાયતો અને બીજા કીસ્સા કહાણીયતો, નવહા સલામ, મરસીયા, રૂબાઇ, વીગેરે વીગેરે વીષયથી ભરપુર હોય છે. તેનું છઠુ વરસ ચાલેછે, વળી છઠ્ઠા વરસથી **"ગુલઝાર કરબલા"** નામની કીતાબ ઉરદુ જબાન ગુજરાતી હરફમાં તેના બરબા ભાગમાં એટલે સોળ પેજમાં આપવામાં આવેછે; જેની અંદર ઇમામ હુસયન અ૦ના નુરથી તે, ઇમામની શહાદત અને કરબલાના તમામ શોહદાનો અહવાલ, પાછળથી મુખતાર વગેરેની લડાઈ એ તમામ ગીત નાંખવામાં આવશે; મોઅજઝા, ફઝાએલ એવી ઘણી ચીજો આવશે, એ નુરેઇમાનની કીમત વરસ એકની અગાઉથી પોસ્ટેજ સાથે રૂ ૧ા જંગબાર વીગેરેના રૂ ૧ાાા રાહેનજાતના ગ્રાહકો પાસેથી ચાર આના ઓછા

આ કીતાબ ઉપર અમલ કરવાનો મુજતહેદનો ઇજાઝો.

અમદાવાદ

હીંદુસ્તાનના શીઆહ મઝહબના તમામ આલીમોથી અફઝલ અને અઅલા લખનઉવાળા જાબે મુજતહેદુલ અસરે વર્ત્તમાન કીબલાઓ કાબા જનાબ મીર આગાસાહેબે નીચે મુજબ ઇજાઝત આપી છે,

* ઉરદુનો તરજુમો. *

બિસમિલ્લાહિર રહેમાનિર રહીમ અલહમદો લિલ્લાહે રબ્બિલ આલમીન; વસલ્લલ્લાહો અલા ખેરે ખલકેહી નબીયેના અફઝલિલ મુરસલીન, વ અહલેબયતે હિત્તય્યે બીત્તાહેરીન, સલવાતુલ્લાહે અલયહિમ અજમઇન.

વાઝેહ થાય કે આ કેટલાંક પાનાનો રીસાલો પસંદ કરેલો કે જેની અંદર પાંચ વખતની નમાઝની મુસતહબ ચીઝો લખાએલી છે; તે મારી નજરથી ગુજર્યો, અને મે તફસીલથી તેનો મુતાલેઓ કર્યો, તો તેના ઊપર અમલ કરવો જાએઝ છે, બલકે સવાબના વધારતું અને હઝરતે રબ્બુલ અરબાબ (ખુદા)ની રાઝા તથા ખુશનુદીનું મ છે,

તો ખુદાએ તઆલા તમામ મોઅમેનીનને આથી ફાયદો પહોંચાડે; તેજ મેહેરબાન અને મદદગાર છે.

કીબલઓકાબાની મોહર —

સય્યિદ મુસ્તફાબીને
ઉમદતુલ ઓલમાઅ
સય્યિદ મોહમ્મદ
હાદી — ૧૨૭૭

"અસ્સલાતો અંમુદુદ્દીન"

રિસાલએ મુસતહંબ્બાતે નમાઝ.

બિસમિલ્લાહિર રહેમાનિર રહીમ.

અલહંમદો લિલ્લાહિલ મલેકિલ જમીલ, વસ્સલાતો અલા મોહંમ્મદિન વઆલેહિલ જલીલ.

અમ્માબાઅંદ—અબ્દે ઝલીલ હાજી ગુલામઅલી વલદે હાજી ઈસમાઈલ ભાવનગરી (હાલ અહમદેઆબાદી) મોઅમેનીનની ખીદમતમાં અરઝ કરે છે કે આની પહેલાં જનાબે મૌલાના મવલવી સૈયદ અલીનકી સાહેબરઝવી લાએરી મદ્દઝીલ્લુલ આલીએ "**વાજેબાતે નમાઝ**" નો રીસાલો બનાવ્યો; અને તેને **વરધા** વાળા શેઠ જમાલભાઈ હીરજીએ છપાવી વકફ કરી **રાહેનજાત** સાથે **ભેટ** મોકલ્યો: હવે એજ મરહુમ શેઠની ફરમાશથી આ શેવકે આ "**મુસતહંબ્બાતે નમાઝ**" નો રીસાલો ટુંકમાંજ બનાવી તેઓ તરફથી **રાહેનજાત**ના ગ્રાહકોને **ભેટ** અને બીજાઓ માટે વકફ કરવામાં આવેલ છે.

એની અંદર જનાબે મુજતહેદુલ અસ્ર જનાબેમીર આગા સાહેબના ફતવા મુજબ મસાએલ લખી, એક મુકદ્દમો અને બાર ફસ્લ અને એક ખાતેમા ઉપર તરતીબ આપી.

---

* મુસતહંબ્બાતે નમાઝ ઘણા છે તે તમામ કોઈ કોઈ પડતું હશે અને તમામને ભેગી કરવી પણ મુશકીલ છે તેથી મતલબ પુરતી લખવામાં આવી છે.

મુકદ્દમો.

નમાઝની પહેલાં કેટલીએક સુન્નત બાબતો.

૧—ખુઝુઅં અને ખુશુઅં એટલે નમ્રતા અને આજેઝીની સાથે નમાઝ પડવી.

૨—અવ્વલ વખતમાં નમાઝ પડવી; જેમકે મરહુમ જનાબે શેખ ઝેનુલ આબેદીન અઅલ્લાહો મકામોહુએ સવાલના જવાબમાં ફરમાવ્યું છે કે જનાબે ઇમામે જઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે આખેરતની ફઝીલત દુન્યાની ઉપર છે એટલી ફઝીલત આખર વખતમાં નમાઝ પડવા કરતાં અવ્વલ વખત પડવામાં છે;

૩—ઊમદા અને નફીસ (બહુજ સારા) કપડા પહેરીને નમાઝ પડવી.

૪—મરદોએ સફેત કપડા પેહરીને નમાઝ પડવી.

૫—નમાઝની પહેલાં ઇત્ર (અંતર) લગાડવું; કેમકે હદીસમાં છે કે ખુશબો લગાડીને નમાઝ પડેનો સીત્તેર નમાઝનો સવાબ મળે.

૬—મરદોએ અમ્મામો (પાઘડી) પહેરવી, ખાસ કરીને એ પાઘડી જેને તહતુલ હનક હોય, એટલે નીચેનો છેડો ગળામાં થઈ ખભા ઉપર નાખીને.

૭—મસજીદમાં નમાઝ પડવી; પણ ઓરતોને ઘરમાં પડવી બેહતર છે.

૮—જમાઅત સાથે નમાઝ પડવી; અને જેની કેરઅત સહીહ ન હોય તેના માટે જમાઅતથી નમાઝ પડવી વાજીબ છે; અને બીજાઓ માટે બહુજ તાકીદ છે.

૯—અઝાન એકામાહ કહીને નમાઝ પડવી કે તેની ઘણી તાકીદ છે.

૪

ફસલ પહેલી અઝાન અને એકામાહનો સવાબ.

નમાઝની પહેલાં અઝાન અને એકામાહ કહેવાનો સવાબ બહુજ છે, અને તાકીદ પણ ઘણી વારીદ છે અને અઝાન કરતા એકામાહીની તાકીદ વધારે છે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું જે શખસ અઝાન અને એકામાહ કહીને નમાઝ પડે તો તેની પાછળ મલાએકાની બેસફ નમાઝ પડે છે, અને અઝાન આપવાવાળો મોઅંરેફતથી **અશહદો અન લાએલાહા ઈલલલ્લાહ** કહે તો તેના માટે સીત્તેર હજાર ફીરીસ્તા ઇસતીગ ફાર કરે છે, અને કયામતને દીવસે તમામ ખલાયકનો હીસાબ થવા સુધી **અર્શે**મોઅંઝ્ઝમના છાયાની નીચે રહેશે.

ફસલ બીજી અઝાન અને એકામાહની કેટલી એક સુન્નત બાબતો.

૧—વઝુ કરીને અઝાન એકામાહ કહેવી.
૨—ઉભા ઉભા કહેવી.
૩—દરેક ચીજ પુરી થવા પછી જરા ઠહેરવું.
૪—કીબલાની સામે કહેવી.
૫—વચમાં વાત ન કરવી.
૬—મરદોએ અવાજથી કહેવી.
૭—અઝાનને જરા ઠેહરી ઠેહરીને કહેવી; અને એકામાહ જલદી જલદી કહેવી.
૮—હઝરતે મોહંમ્મદે મુસતફા સ૦ નુ નામ મુબારક આવે તે કણા પછી સલવાત પડવી.

૯—ઘરની અંદર આવાજથી અઝાન કેહવી, કે તેથી કફારી અને બીમારી દુર થાય છે; અને ઓલાદ વધારે થાય છે;

૧૦—"હૈય્યઅલા ખૈરીલ અમલ" કહેવાની પછી **આલે મોહમ્મદિન ખૈરૂલ બરીય્યાહ"** કહેવુ.

૧૧—અઝાન અને એકામાહની વચમાં જે દોઆ વારીદ થઈ છે તે પડવી,

૧૨—અઝાન અને એકા માહની વચમાં જરા ઠહેરવુ, ઓછામાં ઓછું એક શ્વાસ લેવા જેટલું પણ ઠહેરવું

ફાયદો—જાણવું જોઇએ કે હમેશા પાંચ વખતની અદા તથા કઝા અને જુમ્માની નમાઝ સીવાય બીજી કોઇ નમાઝ માટે અઝાન તથા એકા માહ કહેવી જાએઝ નથી.

ફસલ ત્રીજી નીય્યતને લગતી મુસતહબ ચીઝો.

૧—નમાઝની તરફ હુઝુરે કલ્બ (બરાબર દીલ ઠેકાણે રાખી) થી ધ્યાન કરવું.

૨—નીય્યત ખાલીસ કરવી, એટલે ખુદાની ખુશનુદી સીવાય બીજી કોઈ દુન્યાની ચીજની નીય્યત રાખવી નહીં; એટલે સુધી કે જરા પણ બીજા મતલબ માટે નમાઝ પડે એવું ન હોય; અને અગર ઘણે ભાગે ખુદાની રઝામંદી સીવાય બીજો મતલબ હોયતો ઝાહેર એ છે કે નમાઝ બાતીલ છે.

ફસલ ચોથી કયામને લગતી મુસતહબ ચીઝો.

૧—ખુંઝુઅ અને ખુશુઅની સાથે ઉભા રહેવું; જેવી રીતે કે આકાની સામે ખાલીસપણાથી ગુલામ ઉભો રહે છે.

૨—સીજદાની જગ્યા તરફ નજર રાખવી.

૩—બંને પગ છુટા રાખીને ઉભુ રહેવું; પણ ઓરતો માટે સુન્નત છે
કે બંને પગ ભેગા રાખે.

૪—બંને પગ બરાબર રાખવા; આગળ પાછળ ન રાખવા.

૫—બંને પગની આંગળીઓ કીબલા સામે રાખવી.

૬—બંને હાથને ગોઠણ પાસે રાન ઉપર મુકવા; પણ ઓરતો માટે
મુસતહેબ છે કે બંને હાથ પોતાની બંને છાતી ઉપર રાખે (એ
છાતીથી મતલબ બચ્ચું દુધ પીએ તે જગ્યો સમજવી.)

૭—બંને હાથની આંગળીઓ ભેગી રાખવી.

૮—બીજી રકાતમાં કુનુત પડવું.

ફસલ પાંચમી, કુનુતને લગતી સુન્નત ચીજો.

૧—કુનુતની પહેલાં તકબીર કહેવી.

૨—તકબીર વખતે કાન સુધી હાથ ઉંચા કરવા.

૩—બંને હાથ પોતાની સામે આસમાન તરફ રાખવા.

૪—હાથની આંગળીઓ મેળવીને રાખવી, અને અંગુઠા જુદા જુદા
રાખવા.

૫—કુનુતમાં વધારે વાર લગાડવી.

૬—કલેમાતે ફરજ પડવા (તે એક દોઆ તરીકે છે)

૭—કુનુત અવાજથી પડવુ. પણ જમાતની સાથે પેશનમાઝ સીવાય
બીજાઓએ આસ્તે આસ્તે પડવું.

ફસલ છઠ્ઠી તકબીરતુલ એહરામને લગતી મુસતહબ ચીજો.

૧—તકબીરતુલ એહરામ કહેવાની પહેલાં ૭ વખત તકબીર× કહેવી.

૨—તકબીરો કહેતી વખતે કેટલીક દોઆઓ પડવી વારીદ છે તે પડવી.

૩—તકબીર કહેતી વખતે બંને હાથ કાન સુધી ઉંચા કરવા.

૪—હાથ ઉંચા કરતી વખતે તકબીર કહેવી અને હાથ નીચે આવતા સુધી પુરી કરવી.

૫—હાથ ઉંચા કરતી વખતે હથેળીઓ કીબલાની સામે હોય;

૬—આંગળીઓ આપસમાં મળેલી રાખવી અને અંગુઠા જુદા રાખવા.

૭—તકબીર બુલંદ આવાજથી કહેવી, પણ જમાઅતની સાથે નમાઝ પડે તો પેશનમાઝ સીવાય બીજાઓએ આસ્તે આસ્તે કહેવી.

ફસલ સાતમી; કેરઅતને લગતી કેટલીએક મુસતહબ ચીઝો.

૧—અલહમ્દના સુરા પછી **ઇસતઆઝાહ** પડવી, અને તે આ મુજબ પડે તોપણ બસ છે. "**અઊઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.**"

૨—આસ્તે પડવાની નમાઝમાં મરદોએ અલહમ્દ અને બીજા સુરાની 'બિસમિલ્લાહ' આવાઝથી પડવી;

× તકબીર એટલે "અલ્લાહો અકબર" કહેવું.

૩—અલહમ્દની બાદ અને બીજો સુરો શુરૂ કરવાની પહેલાં જરા ઠહેરવું.

૪—હમ્દ પછી સુરો પડવાની બાદ અને રૂકુઅમાં જવાની પહેલાં જરા ઠહેરવું.

૫—કુલહોવલ્લાહનો સુરો પડેતો તે પુરો થવા પછી ત્રણ વખત "કઝાલેકલ્લાહો રબ્બી" કહેવું.

૬—કેરઅતમાં તરતીલ એટલે સારી રીતે બરાબર હરફ કાઢીને પડવું; જેવી રીતે કે તે પડવાનો કાયદો છે.

૭—એઅરાબ સારી રીતે ઝાહેર કરવા, એટલે કાનો માત્ર દીરઘાઈ વીગેરે ચોખી રીતે કાઢવા.

ફાયદો—અલહંમદના સુરા પછી કુલહોવલ્લાહનો સુરો પડવાનો સવાબ ઘણો વારીદ થયો છે; અને તાકીદ પણ બહુજ છે, એટલે સુધી કે હદીસમાં છે કે અગર પાંચે વખતની નમાઝમાંથી કોઇ નમાઝમાં પણ કુલહોવલ્લાહનો સુરો ન પડે, તો એક ફીરીસ્તો તેને નીદા કરે છે કે અએ બંદએ ખુદા તુ નમાઝ ગુઝારોમાંથી નથી.

ફસલ આઠમી રૂકુઅને લગની સુન્નત બાબતે.

૧—રૂકુઅની પહેલાં તકબીર કહેવી.

૨—અને હાથ ગોઠણની ઉપર રાખવા; પણ ઓરતોએ ગોઠણની જરા ઉપર રાખવા.

૩—રૂકુઅ વખતે પીઠ બરાબર રહે ઉંચી નીચી ન રહે.

૪—હાથે કરીને ગોઠણને અંદરના ભાગમાં દબાવી રાખે.

૫—અને કદમની વચમાં નજર રાખવી.

૬—અને હાથ પડખાથી છેટે રાખવા.

૭—ગોઠણ ઉપર હાથ રાખવા તે વખતે આંગળીઓ છુટી છુટી રાખવી.

૮—તરત તીળથી રૂકુનું ઝીક્ર પડવું (તરતીલનો મતલબ ઉપર લખ્યો છે)

૯—ઝીકરે રૂકુઅં વાજીબ કરતા વધારે પડવું.

૧૦—રૂકુઅમાં જતી વખતે ગોઠણ ઉપર પહેલે જમણો હાથ પછી ડાબો હાથ રાખવો.

૧૧—આવાજથી પડવાની નમાઝમાં ઝીકરે રૂકુઅ આવાજથી અને આસ્તે પડવાની નમાઝમાં આસ્તે પડે; પણ પેશ નમાઝ માટે સુન્નત છે કે આવાજથી પડે ને બીજાઓ આસ્તે પડે.

૧૨—રૂકુઅંની અંદર ગરદન સામે ખેંચીને રાખવી કે પીઠની બરાબર થાય.

૧૩—રૂકુઅંની પછી **"સમેઅંલ્લાહો લેમનહંમેદાહ"** કહેવું.

ફસલ નવમી સીજદાને લગતી મુસતહબ ચીજો.

૧—રૂકુઅંની બાદ સીજદામાં નમવાની પહેલાં તકબીર કહેવી.

૨—તકબીર કહેતી વખતે બંને હાથ કાન સુધી ઊંચા કરવા.

૩—પહેલે હથેળીઓ નીચે રાખવી, પછી બંને ગોઠણ રાખવા; પણ ઓરતો માટે સુન્નત છે કે પહેલે ગોઠણ રાખે પછી હથેળીઓ રાખે.

૪—સીજદામાં આંગળીઓ ભેગી રાખવી.

૫—આંગળીઓના માથા કીબલાની સામે રાખવા.

૬—સીજદામાં બંને હાથની કોણીઓ કાંડા સુધી ઊંચી રાખવી. પણ ઓરતો માટે સુન્નત છે કે નીચે રાખે.

૭—બંને હથેળી ઊઘાડી હોય. એટલે હાથના મોજા વીગેરેથી ઢાંકેલી ન હોય.

૮—**પેશાની (કપાળ)** ઓછામાં ઓછું એક દીરહમ જેટલું સીજદહ ગાહ ઉપર રાખવી; (દીરહમ આસરે હાથના અંગુઠાના ઉપરના નખથી જરા મોટું થાય છે.)

૯—ખાક ઊપર સીજદો કરવો, અને અફઝલ એ છે કે ઇમામો અલયહે મુસ્સલામની કબ્ર મુબારકની ખાક હોય; અને ખાસ કરીને કરબલાએ મોઅલ્લાની ખાક ઊપર સીજદો કરવાનો બહુજ સવાબછે.

૧૦—સીજદાના ઝીક્રને વાજીબ કરતા વધારે પડવું.

૧૧—ખાસ મરદોએ સીજદામાં જે સાત બાગ જમીનપરરખાય છે તે ઊઘાડા રાખવા.

૧૨—નાકને ખાક ઊપર રાખવું.

૧૩—મરદોએ બને ગોઠણ છેટે છેટે રાખવા.

૧૪—પહેલા સીજદામાંથી માંથું ઊંચું કરીને તકબીર કહેવી.

૧૫—તકબીર વખતે હાથ ઊંચા કરવા જેમકે બયાન થયું.

૧૬—બને સીજદાની વચમાં "**તવરરૂક**" કરવું. એટલે બને સીજદાની વચમાં તથા તશહ્હુદ પડતી વખતે એવી રીતે બેસવું કે ડાબીરાન ઉપર બેસે અને જમણા પગનો પોંચો ડાબા પગના તળીઆ ઉપર રાખે. પણ ઓરતો માટે મુસતહબ છે કે તશહહુદની હાલતમાં ઉકડુ બેસે, એવી રીતે કે બને સુરરીન (નિચેનો બાગ) ઝમીનપર એડલી રહે.

૧૭—બીજા સીજદામાં જવાની પહેલાં તકબીર કહેવી.

૧૮—જે રકાતોમાં તશહહુદ પડવાનું નથી તે રકાતોના બીજા સીજદા પછી જરા ઠેહરીને પછી ઊભુ થવું, અને તેને જલસએ ઇસ્તેરાહત કહે છે.

૧૯—એ જલસએ ઇસતેરાહતમાં જરા ઠહેરવું.

૨૦—પહેલાં સીજદામાંથી ઊઠીને બેસેતો "**અસતગફેરૂલ્લાહ રબ્બી વ અતુબો એલયહ**" પડવું.

૨૧—સીજદાની અંદર સાતે ભાગ રાખવાની જગ્યો બરાબર હોય;
૨૨—સીજદો કરીને બેસવું તે વખતે પોતાના ગોઠણુ તથા રાન તરફ નજર રાખવી.
૨૩—સીજદાનું ઝીકર તરતીલથી પડવું (તરતીલના અર્થ લખાઈ ગયા છે.)
૨૪—બીજા સીજદા પછી ઊઠતી વખતે **બેહુવાલલ્લાહે વકુવ્વતેહી અકુમો વ અકઉદ** કહેવું.

ફસલ દસમી તશહહુદને લગતી મુસહબ ચીજો.

૧—તશહહુદમાં **તવરરૂકથી** બેસવું (તવરરૂકની સમજણ ઊપર લખી ચુકયા છીએ.) પણ ઓરતો માટે સુન્નત છે કે ઊકડુ બેસે, (જેમકે તેપણ ઊપર લખ્યું છે.)
૨—બંને હાથ રાન ઊપર રાખવા.
૩—આંગળીઓ મેળવીને રાખવી.
૪—તરતીલથી પડવું.
૫—બંનેરાન તરફ નજર રાખવી.
૬—તશહહુદની પહેલાં અને પછી જેજે દોઆ વારીદ છે તે પડવી.

ફસલ અગીયારમી સલામને લગતી મુસહબ ચીજો.

૧—તવરરૂકથી બેસવું જેમકે બયાન થયું.
૨—હથેળીઓને રાન ઊપર રાખવી.
૩ આંગળીઓને મેળવીને રાખવી.
૪—નમાઝથી ફારેગ થવાની નીય્યત રાખવી, એટલે તાઝીમ સલામ

ની બાદ નમાઝ ખલાસ —થવાની નીય્યત રાખવી.

૫—નબીઓ, અમ્બિઆ મલાએકા, અને મોઅમેનીન જમાત તથા ઈનસાન ઊપર સલામનો કસ્દ રાખવો.

૬—પેશ નમાઝને જોઈએ કે મોઅમેનીન ઉપર સલામની નીય્યત કરે તે વખતે તેઓની અંદર મામુમને પણ ગણે એટલે પાછળ નમાઝ પડનારાઓ ઊપર પણ સલામ કરવાની નીય્યત રાખે.

૭—પેશ નમાઝે સલામ આવાજથી પડવી; અને બીજાઓએ આસ્તે પડવી.

૮—મામુમે (પેશ નમાઝની પાછળ હોય તેઓ) પણ મોઅમેનીન ઊપર સલામ કરવાની નીય્યત રાખવી તે વખતે પેશ નમાઝને પણ તેઓમાં શામીલ કરવા.

૯—સલામ કહેતી વખતે આંખના ખુણાથી ડાબી તરફ ઈશારો કરવો.

૧૦—તરતીલથી પડવું.

૧૧ વાજીબ સલામ ઉપરાંત સુન્નત સલામ પડવી;

ફસલ બારમી નમાઝ નીબાદ તાઅંકીબાત ઘણી છે, તેમાંથી થોડી ચીજો.

૧—સલામની બાદ જેવી રીતે બેઠો છે તેવીજ રીતે બેઠા બેઠા ત્રણ વખત "તકબીર" કહેવી એટલે "અલ્લાહો અકબર" કહેવું; અને ઘણા લોકોમાં એવું થઈ ગયું છે કે એ ત્રણે તકબીરને નમાઝનો ભાગ સમજે છે ને જાણે છે કે ત્રણ વખત તકબીર કેહવા પછી ન-

માઝ ખતમ થાય છે, પણ બાતલ નથી; બલકે એ તકબીરો તાઅંકીબાતમાં દાખીલ છે; તાઅંકીબાત એટલે નમાઝની બાદ વઝીફા દોઆઓ વીગેરે પડે છે તેને નમાઝનો ભાગ સમજીને કહેતો બાઅંઝે ઓલમાનું ફરમાવવું છે કે નમાઝ બાતીલ થાય છે; પણ બાતીલ નહી પણ ગુનાહ છે.

૨—તકબીર કહેતી વખતે હાથ કાન સુધી ઊંચા કરવા.

૩ ત્રણે તકબીર પછી જે દોઆ વારીદ થઇ છે તે પડવી;

૪—જનાબે ફાતેમાહ અંલય હસ્સલામની તસબીહ પડવી; અને તેનો સવાબ ઘણો વારીદ થયો છે; એ તસબીહ ખુદાને ખુશ કરે છે, અને શયતાનને દુર કરે છે,

હઝરતે ઇમામે જાઅફરે સાદેકે અં૦થી મનકુલ છે કે દરેક નમાઝની પાછળ જનાબે ફાતેમાહ અ૦ ની તસબીહ પડે (બેઠી હાલતમાં કે જેવી રીતે બેઠો છે તેમજ બેસીને)તો હકતઆલા તેને બખશી આપે છે, અને તેનાપર બેહીસ્ત વાજીબ થાય છે, મોઅંતબર હદીસમાં છે કે હઝરતે ફરમાવ્યું જે કોઇ જનાબે ફાતેમાહ અં૦ ની તસબીહ નમાઝની પાછળ પડે તો હમેશા હજાર રકાત નમાઝ પડવા કરતાં બેહતર છે:

તેનો તરીકો આ મુજબ છે,

૩૪—વખત "અલ્લાહો અકબર."

૩૩—વખત "અલહંમદો લિલ્લાહે,"

૩૩—વખત "સુબહાનલ્લાહે."

અને સુન્નત છે કે એ તસબીહ પુરી થવા પછી એક વખત **"લાએલાહા ઇલલલ્લાહ"** કહે,

૫—બાર વખત **"કુલહોવલ્લાહો અહદ"** ના સુરો પડવો, કે તેમા ઘણો સવાબ છે,

૬—**શુક્રનો સીજદો કરવો**, અને તેમાં પણ બેહદ અને બે શુમાર સવાબ છે; અને શુક્રના સીજદામાં ઓછામાં ઓછું ત્રણ વખત **"શુકરન લિલ્લાહે"** કહે, અને ચાહેતો સો વખત **શુકરન શુકરન** કહે; અથવા સો વખત **અફ્વન અફ્વન** કહે એ સીવાય બીજી ઘણી દોઆંઓ છે,

૭—નમાઝથી ફારેગ થવા પછી અઇમ્મએ માઅસુમીન સલવા તુલ્લાહે અલયહિમ અજમઇનની ઝીયારત પડવી; જેમકે ઝાદુલમઆદ નામની કીતાબમાં મઝકુર છે કે હઝરતે રસુલે ખુદા સ૦ અને અઇમ્મએ હોદા અં૦ ની ઝીયારતો તમામ વખતમાં નજીક અને દુરથી પડવી મુસતહેબ છે; અને અગર ગુસલ કરીને પડેતો અફઝલ છે. ખાસ કરીને જુમ્માની રાત્રે અને દીવસે અને તમામ મુબારક રાત અને દીવસોમાં પડેતો વધારે અફઝલ છે;

ખાતેમોહ, નમાઝના સવાબમાં.

જાણવું જોઇએ કે કીતાબ છપાતી વખતે થોડી જગ્યો હોવાથી નમાઝનો સવાબ ટુંકમાં લખવામાં આવે છે—તોહફએ અહમદીયામાંહ છે કે દરેક **નમાઝને** વખતે એક ફીરીસ્તો ખુદા પાસેથી નમાઝ પડવાવાળાઓ માટે એક સનદ લીએ છે,

સુબહની વખતે મોઅમેનીન ઉઠી વઝુ કરીને નમાઝ પડે તે વખતે તે ફીરીસ્તો ખુદા પાસેથી સનદ લીએ છે તેમાં લખેલુ હોય

છે કે હું એ ખુદાછું કે હમેશા રહેવાવાળોછું અએ મારા બંદાઓ તમો મારી પનાહમાં આવો કે હું તમોને પોતાની હીફાઝત અને હીમાયતમાં રાખું; ને તમોને રખડવા નઆપું અને તમારા ગુનાહ ઝોહર સુધી માફ થઈ ગયા;

ઝોહરની નમાઝનો વખત થાય અને મોઅમેનીન ઊઠી વઝુ કરીને નમાઝ પડે, તે વખતે ફીરીસ્તો તેઓ માટે સનદ લીએ છે તેમાં લખેલું હોય છે કે અએ મારા બંદાઓ મેં તમારા ગુનાહ માફ કરી આપ્યા; અને તેને નેકી સાથે બદલી આપ્યા; અને તમોને મકામે **જલાલ**માં જગ્યો આપી;

અસરની નમાઝનો વખત થાય અને બંદાઓ વઝુ કરી અસરની નમાઝ પડે તે વખતે તે ફીરીસ્તો સનદ લીએ છે તેમાં લખેલું હોય છે કે હું ખુદાએ બુઝરગવારછું, અએ બંદાઓ મેં તમારા આંગને જહન્નમની આગ ઊપર હરામ કર્યું, અને તમોને નેક લોકોના મસકનમાં જગ્યો આપી, અને ખરાબ લોકોની બદીથી તમોને છેટે રાખ્યા,

મગરીબની નમાઝનો વખત થાય અને બંદાઓ વઝુ કરીને નમાઝ પડે છે તોતે ફીરીસ્તો તેઓ માટે સનદલીએ છે, તેમાં લખેલું હોય છે કે હું ખુદાએ એ નયાઝ અને બુઝુરગછું; અએ મારા બંદાઓ તમારી પાસેથી ફીરીસ્તા રાજી થઈને આવ્યા છે, તો મારા પર હક છે કે હું તમોને રાજી કરૂં, અને કયામતને દીવસે તમારી ઊમેદો પુરી કરૂં,

ઈશાની નમાઝનો વખત થાય અને બંદાઓ વઝું કરીને નમાઝ પડે છે, તે વખતે પણ એફીરીસ્તો સનદ લીએ છે, તેમાં લખેલું હોય છે કે હું એવો ખુદાછું કે મારા સીવાય બીજો કોઈ મા-

મઅબુદ નથી અને મારા સીવાય કોઈ પરવર દીગાર નથી. અએ મા-
રા બંદાઓ તમોએ પોતાના ઘરમાં વઝુ કર્યું અને મારા ઘરમાં આ-
વી મારા ઝીક્રમાં મશગુલ થયાં અને તમોએ મારો હક અદા કર્યો
અને મારી ફરજ બજાવી લાવ્યા; અએ ફીરીસ્તા તુ અને તમામ મ-
લાએકાઓ ગવાહ રહો કે હું એ લોકોથી રાજી થયો.

વસ્સલામ.

લ૦ બંદએ ગુ-નેહગાર ઉમ્મે-દવારે રહમતે ગફફાર, **હાજી ગુલામઅલી હાજીઇસમાઇલ**

આ કીતાબ હસનાઅશરી પ્રીન્ટીંગ પ્રેસ-માં છાપી છે. **અમદાવાદ** ઠે૦ પાંચપટ્ટી

